

દર મહિની ૧૦ તારીખે પ્રસિધ્ધ થતું સમસ્ત નાગર જ્ઞાતિનું માસિક

શિક્ષણ સેવા સંરક્ષણ

સ્થાપક : સ્વ. શાંતિભાઈ ધોળકિયા
તંત્રી : વિરેન શાં. ધોળકિયા
લવાજમ : વાર્ષિક રૂા. ૧૦૦/-
વર્ષ : ઓગષ્ટ થી જુલાઈ

વર્ષ : ૪૯ અંક : ૧૦
જૂન – ૨૦૧૩



# એક નવી સવાર...



એક નવી સવાર
મારા પર સવાર થઈને આવી
હું એકલો...દુબળોને...
સવાલો હજારો લઈને આવી...
થોડી થોડી આંખ ખોલું
હું કોનું કોનું સાંભળું ?ને...
પરનાળ કેરી કતાર લઈને આવી...
સ્વસ્થ થવાનો સમય ક્યાં ?
જેવી છે તેવી સ્વીકારીને
હાર–જીત કેરો હાર લઈને આવી...
ગાંઠ વળે, ઉકેલાંતાં અનેક...
તૃષ્ણાનો તાગ મળે નહી ને...
શું ખરીદું ? મોટી 'બજાર' થઈને આવી..

—જસમીનભાઈ જે. દેસાઈ, રાજકોટ.

બરછી કાર્યાલયનું સરનામું નોંધી લેશોજી...
બરછી કાર્યાલય C/o. ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ, કોટેચાનગર મેઈન રોડ, રાજકોટ-૧.
ફોન : ૦૨૮૧-૨૪૫૩૦૬૩ મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫ e mail : barchhi@rediffmail.com Web : www.barchhi.com

# બરછીનું લવાજમ રૂા. ૧૫૦/- રહેશે...રૂા. ૮૦/- અને રૂા. ૧૦૦નો વિકલ્પ

કલમ કડછી બરછીનું દિલ્હીનું RNI રજી. સ્થગિત થતાં આ આખું વર્ષ રૂા. ૪/-ની ટીકીટથી બરછી આપને પહોંચાડવામાં આવી રહયું છે. હા, તેમાં અનેક ગામના પ્રતિ./જ્ઞાતિજનોનો હાથોહાથ પહોંચાડવામાં સહકાર મળ્યો/મેળવ્યો છે. કયાંક નજીકમાં રહેતા બંધુઓને એકસાથે બે-ત્રણ અંક મોકલી તકલીફ પણ આપી છે. રાજકોટમાં ઘણા બંધુઓ રૂબરૂ અંક લઈ ગયા છે. આમ સૌના અનન્ય સદભાવ અને સાથથી વર્ષ પૂરૂં થવા આવ્યું.પરંતુ આજે દરેકને સમયની ખેંચ હોય છે અને દૂર દૂરના વિસ્તારોમાં વસવાટ વધ્યો છે ત્યારે ઉપરોકત વ્યવસ્થા કાયમી શકય નથી, તેમ રૂા. ૧૦૦ના લવાજમ માંથી **રૂા. ૪૮** પોસ્ટીંગના જતાં **રૂા. ૫૨** માં પૂરાં વર્ષનો પ્રકાશન ખર્ચ નીકળવો શકય ન હોવાથી ન છૂટકે ઓગષ્ટથી શરૂ થતાં નવા વર્ષથી વાર્ષિક લવાજમ **રૂા. ૧૫૦/-** કરવાની ફરજ પડી છે. આ વર્ષે મોંઘવારીનો વધારો નથી તેથી વિકલ્પ આપી રહયા છીએ...

*(૧) ઈન્ટરનેટ ધરાવતા 'બરછી'ના ચાલુ વર્ષના ગ્રાહકો આ વર્ષે માત્ર **રૂા. ૮૦/-** ભરીને ઓનલાઈન 'ઇ-બરછી' વાંચી શકે છે. જેમાં અંક ન મળવા કે મોડો મળ્યાની ફરીયાદ નહીં રહે તે અને ૪ દિવસ બરછી વહેલું વાંચવા મળશે તે વધારાનો ફાયદો.*

*(૨) રાજકોટના ગ્રાહકો દર મહીને કાર્યાલયેથી રૂબરૂ બરછી મેળવી **રૂા. ૧૦૦/-** લવાજમ ભરી શકે છે.*

*(૩) દર વર્ષ મુજબ **૧૫૦/-**માં ટપાલથી મોકલવા. (૪) બરછી બંધ કરાવી શકો છો.*

નેટની સુવિધા ધરાવતા ગ્રાહકોને ખાસ વિનંતી કે બરછીની વેબસાઇટ www.barchhi.com ઉપર એક નાનો પ્રોગ્રામ બનાવી મુકેલ છે જેમાં પોતાનો ગ્રાહકનંબર, નામ લખી **આ ચાર વિકલ્પ માંથી એક પસંદ કરી (ટીક કરી) અચૂક વિના સંકોચ 'સેન્ડ' કરવા વિ. છે. આ શકય ન હોય તો ફોન/એસએમએસ કરશો.** સુચારૂ પ્રકાશન સંચાલન માટે વિકલ્પ જણાવવાની બાબતે આપનો સહકાર ઈચ્છીએ છીએ.જેથી નવા વર્ષમાં ગ્રાહક સંખ્યાનો અને પ્રતિનિધીઓને પહોંચબુક મોકલવાના અંદાજ આવે. લગભગ ૧૫ દિવસ બાદ પહોંચબુક મોકલવામાં આવશે. તેથી લવાજમ માટે ધીરજ ધરશો.

પોસ્ટીંગ ખર્ચ અનેકગણુ વધી જતાં થોડી આર્થિક ખેંચને કારણે પ્રકાશન/રવાનગી અનિયમીત બનેલ છે તો ટપાલખાતાનું તંત્ર ખાડે જઈ રહયું છે તેની અસર તો નિવારી શકાય તેમ પણ નથી આ બંને કારણો છતાં બરછી માટે સૌનો સહકાર અને આતુરતા, અઢળક મળતા સમાચારો, લગ્ન વિષયક જાહેરાતના અગાઉ જેટલાજ ફોન-પ્રતિસાદથી અમારી નિષ્ઠા કે ઈમાનદારીમાં આપનો વિશ્વાસ અકબંધ રહયો છે તેમ માનીએ છીએ.

તા. ૧૩થી ૨૩ બહારગામ હોવાથી તે દરમ્યાન મળેલા વધારેમાં વધારે સમાચારો પરિણામો, લ. વિ. જાહેરાતોનો સમાવેશ કરતાં આ અંક તા. ૩૦/૬ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. છતાં બાકી રહેલ સામગ્રી, પરિણામો, ઇ-મેઇલ સમાચારો આવતા અંકમાં.. જૂલાઈનો છેલ્લો અંક પણ આખર તારીખે બહાર પડશે.- તંત્રી

## સગપણ સ્નેહભર્યું :-

- મૂળ રાજકોટના કેનેડા સ્થિત રાજેન દિલીપભાઈ ધોળકિયાના પુત્ર પાર્થનું સગપણ જામનગર સ્થિત ડો. કૈલાસભાઈ સનતભાઈ વસાવડાનાં પુત્રી દ્વિજા સાથે. - અંજાર સ્થિત મીરાંબેન રસનિધિ છાયાના પુત્ર ઝંખનનું સગપણ રાજકોટ સ્થિત હેમાબેન ધવલભાઈ અવાશિયાના પુત્રી આનલ સાથે. - જુનાગઢના આલાપ હિમાશું (બૈજુ) બક્ષીનું સગપણ જુનાગઢના પૂજા પંકજ નાણાવટી સાથે. - રાજકોટના ધનંજયભાઈ દેસાઈના પુત્ર તેજસનું સગપણ ભાવનગરના સંજયભાઈ દેસાઈના પુત્રી કૃતિ સાથે. - અમદાવાદ સ્થિત પૂર્ણાબેન ઉદયભાઈ બુચનું સગપણ વડોદરા સ્થિત અમીતાબેન રાહુલભાઈ વસાવડાના પુત્રી કુંજન સાથે. - અમવાદાદ સ્થિત જયેન્દ્ર દિલીપરાય વસાવડાના પુત્રી મેશ્વાનું સગપણ વડોદરા સ્થિત મુનીન્દ્ર નીતિનભાઈ માંકડના પુત્ર હરીન સાથે. - રાજકોટના બ્રિન્દા હર્ષદભાઈ પંડયાનું સગપણ ડીસા સ્થિત ડો. આલાપ જગદીશભાઈ ધોળકિયા સાથે. - રાજકોટના પાર્થ કિરણકુમાર વસાવડાનું સગપણ અંજારના મુકેશભાઈ દિનસુખભાઈ ધોળકિયાનાં પુત્રી ખુશાલી સાથે.

*મહાન માનવીની પ્રથમ પરીક્ષા તેની નમ્રતા છે*

**ધો. ૧૦**

| | | |
|---|---|---|
| આશ્રુતિ કુલીનચંદ્ર માંકડ | પ્રથમવર્ગ | પેટલાદ |
| દેવાંગી ધનંજય વત્સરાજ | ૮૦% | મોહાપાડા |
| દિવ્ય-દ્રશ્ય નિગમકુમાર પંડયા | પ્રથમવર્ગ | વાંકાનેર |
| દર્શીલ જયકર મહેતા | પ્રથમ વર્ગ | વાપી |
| નૂપુર ભરતભાઈ બુચ | પ્રથમ વર્ગ | ગોંડલ |
| પ્રિયંકા પરેશભાઈ દેસાઈ | ૭૦% | વેરાવળ |
| હર્ષ ભાસ્કરરાય વોરા | ૭૬% | વેરાવળ |
| પાર્થિવ નૈષધ અંતાણી | ૯૨% | ભુજ |
| રૂદ્રાંગ અમીત મહેતા | ૯૧% | વડોદરા |
| તપસ અમીત મહેતા | ૮૭% | " |
| કાનન અવનિશ મહેતા | ૮૬% | " |
| દેવાંશી હાર્દિક મહેતા | ૯૦% | " |
| નૈસર્ગી ધવલ જોષીપુરા | ૯૩% | અમદાવાદ |
| પંક્તિ હિતેષ દેસાઈ | ૭૭% | અમદાવાદ |
| પ્રાંજલી ગૌરવ દેસાઈ | ૯૩% | અમદાવાદ |
| પરાંશી જિગીષ દેસાઈ | ૯૩% શાળા પ્ર. | અમદાવાદ |
| નિસર્ગ રાજન મંકોડી | ૮૭% | અમદાવાદ |
| નિનાદ ધર્મેશ બુચ | ૮૫% | અમદાવાદ |
| ત્વરા રત્નાકર બુચ | ૮૦% | અમદાવાદ |
| રોનિત જગદીશ માંકડ | ૯૩% | અમદાવાદ |
| નિનાદ ધર્મેશ બુચ | ૮૫% | અમદાવાદ |
| દેવાંશી રાજેશ દેસાઈ | ૭૧% | અમદાવાદ |
| તર્જની દક્ષેષ છાંયા | ૯૮% | જામનગર |
| જોશ હેમાંગ બુચ | ૯૨% | જામનગર |
| પૂર્વા પરેશભાઈ વસાવડા | ૯૧% | જૂનાગઢ |
| ઋત્વી નરેશ વસાવડા | ૯૮% | રાજકોટ |
| ઋચી બંકિમ ધોળકિયા | ૮૪% | રાજકોટ |
| ઈશી કિરીટભાઈ વોરા | ૭૬% | રાજકોટ |
| પલક ધીરેન પંડયા | ૯૫% | રાજકોટ |
| સ્મૃતિ ભાવેશ ભટ્ટ | ૯૨% | રાજકોટ |
| પ્રસાદ ચિરંતન મહેતા | ૮૪% | ભાવનગર |
| આર્હા મયંક મજમુદાર | ૬૯% | ભાવનગર |
| જિજ્ઞાસુ મયંક મજમુદાર | ૬૨% | ભાવનગર |
| પ્રણવ અશોક અંજારીયા | ૮૮% | ભાવનગર |
| કિર્તન વિરેન પંડયા | ૯૦% | જૂનાગઢ |
| જયતિ અમર વૈષ્ણવ | ૮૭% | જુનાગઢ |

**ધો. ૧૨**

| | | |
|---|---|---|
| દેવાશીષ ચેતન ઓઝા | ૮૫% | મુંબઈ |
| હર્ષ પ્રતીક મહેતા | ૭૦% | મુંબઈ |
| જુઈ સમીર મહેતા | ૬૫% | મુંબઈ |
| રચિત કેતુર દેસાઈ (વિ.પ્ર.) | ૯૪% | અમદાવાદ |
| યેશા તાર વૈષ્ણવ (વિ.પ્ર) | ૮૩% | અમદાવાદ |
| કવિષા પ્રણવ છાંયા | બીજો વર્ગ | અમદાવાદ |
| ચિન્મય નીમિષ દેસાઈ | પ્રથમ વર્ગ | અમદાવાદ |
| ઋત્વન વિનેશ છાયા | પ્રથમ વર્ગ | અમદાવાદ |
| શ્રેય ચૈતન્યભાઈ અંજારીયા (વિ.પ્ર) | ૮૨% | રાજકોટ |
| ગ્રીષ્મા બકુલભાઈ વૈષ્ણવ | ૯૯ | રાજકોટ |
| ઉર્વિ મીતેષ પાઠક | ૭૪% | રાજકોટ |
| કૃણાલ પ્રદીપકુમાર માંકડ | પ્રથમવર્ગ | રાજકોટ |
| વંદિત રવીન્દ્રભાઈ નાણાવટી | ૮૩% | રાજકોટ |
| કવન ગિરીશરામ ઓઝા | ૮૭% | રાજકોટ |
| મલ્હાર હિતેષભાઈ ધોળકિયા | દ્વિ. વર્ગ | રાજકોટ |
| કાવ્યા વિરાટ દેસાઈ | ૭૦% | ગોંડલ |
| કહાની ઉત્કર્ષ મહેતા(શાળાપ્રથમ) | ૮૨% | ભાવનગર |
| પંક્તિ રાહુલ દેસાઈ | ૭૪% | ભાવનગર |
| કહાની ઉત્કર્ષ મહેતા | ૮૨% | ભાવનગર |
| ધૈવત કેદાર ધોળકિયા | ૮૦% | ગાંધીનગર |
| સર્વજ્ઞ મિલનભાઈ પોટા | ૭૬% | પોરબંદર |
| ઉદીત તપન બુચ | ૭૨% | વડોદરા |
| કથત જયશે માંકડ(વિ.પ્ર) | ૯૯% | વડોદરા |
| હર્ષ નંદન દેસાઈ | પ્રથમવર્ગ, | |
| ભુષા દીપક મહેતા | ૯૮% | વડોદરા |
| ગુંજન ઉમંગ દેસાઈ | ૭૨% | વડોદરા |
| ધૈર્ય તરૂણ વૈદ્ય | ૮૭% | વડોદરા |
| ઉર્વી મનીષ વસાવડા | ૮૬% | વડોદરા |
| નૈઋતી જયેશ ઝાલા (વિ.પ્ર) | ૯૨% | જામનગર |
| પ્રેરક વિભુતીભૂષણ ધોળકિયા | ૮૪% | જામનગર |
| શૈલી ભરતભાઈ માંકડ | ૮૦% | જામનગર |
| પલક નીલેષ વત્સરાજ | ૭૮% | જામનગર |
| કૃતિ ભાસ્કરરાય વોરા | ૭૫% | વેરાવળ |
| આકાશ અજયભાઈ છાંયા | ૮૪% | જૂનાગઢ |

*જો તમે મગજને શાંત રાખી શકતા હશો તો તમે જગતને જીતી શકશો*

# --- પરિણામોની પગદંડી ---

**બી.કોમ.**

કુ. સંગતિ જિજ્ઞાસુ વૈષ્ણવ પ્રથમ વર્ગ અમદાવાદ
સચીન સ્નેહલ દેસાઈ પ્રથમ વર્ગ વડોદરા
હાર્દિ દીપક બુચ પ્રથમ વર્ગ વડોદરા
નિરજા રશ્મીન હાથી પ્રથમ વર્ગ વડોદરા
પ્રણામી અશોક અંજારીયા વડોદરા
પ્રિયંકા સુભાષ વસાવડા પ્રથમ વર્ગ જુનાગઢ
કુ. કોષા ભદ્રેશ ઓઝા ૮૭%
પોરબંદર કોલેજ પ્રથમ યુનિ. ૧૦ મું સ્થાન
કુ. શ્રેયા મૈલેશ ઓઝા ૮૬% પોરબંદર
હેલી જનાર્દનભાઈ ધોળકિયા ૭૪% જુનાગઢ
કુ. ત્વરા દિપેશકુમાર પાઠક ૭૩% જુનાગઢ
ખુશાલી અમીત વૈશ્નવ પ્રથમ વર્ગ ગોંડલ
દીપક મહેશભાઈ વૈશ્નવ ૭૮% રાજકોટ

**બીકોમ (એસએનડીટી)**

અંજલી કશ્યપ મહેતા પ્રથમવર્ગ ભાવનગર

**બી.બી.એ.**

મયુર ઘનશ્યામ વૈદ્ય પ્રથમવર્ગ વેરાવળ
ઉર્જા જયોતીન્દ્ર ધોળકિયા ૭૫% વેરાવળ

**ડીપ્લોમા સી.ઈ. સેમે. ૫**

કુ. રીધમ કુમારભાઈ ધોળકિયા ૯૪% જુનાગઢ (કોલેજ પ્રથમ)

**બીસીએ**

કૈરવી દુર્ગેશ વૈષ્ણવ ૮૪% રાજકોટ
સૌરભ હિતેન ઘોડા ૭૪% રાજકોટ
ત્વરા દિપેશભાઈ પાઠક ૭૬% જૂનાગઢ

**બી.સી.એ. (સેમે.-૧)**

ઉત્કર્ષ વી. બુચ ૭૪% જામનગર
(કોલેજમાં બીજું સ્થાન)
ગુંજન દુર્ગેશભાઈ વસાવડા પ્રથમ વર્ગ માંગરોળ

**એસવાય. બીસીએ.**

ઝીલ ભૌમિક જોષીપુરા ૮૫% અમદાવાદ

**ડીપ્લોમા મીકે. એન્જી.**

સમીપ યજ્ઞેશભાઈ વૈદ્ય ૭૩% અમરેલી

કુ. ક્રિષ્ના તુષાર બુચ બી.કોમ. ૭૦% અમદાવાદ

**બી.ઈ. (મીકે) સેમે.૩**

કૌશલ તુષાર બુચ ૮૭% અમદાવાદ,
દિપક મહેશભાઈ વૈષ્ણવ ૭૮% રાજકોટ

**બી.ઇ. (મીકે) સેમે. ૭**

કૌશલ પરેશભાઈ વસાવડા ૭૭% જુનાગઢ

**બી.ઈ. (સીઈ) સેમે. ૩**

ઉર્વીશ રાજેશ ધોળકિયા ડીસ્ટીકશન રાજકોટ

**બી.ઈ.(સીઈ)**

સ્તુતિ જતીન બુચ પ્રથમ વર્ષ ગાંધીનગર

**એલએલ બી( પ્રથમ વર્ષ)**

ભાવિન યજ્ઞેશ ઢેબર પ્રથમ વર્ગ મુંબઈ

**બી.એડ.** : અક્ષિ મુનીન્દ્ર ખારોડ ૮૧% વડોદરા

**બી.ડી.એસ. ( બીજું વર્ષ )**

પ્રિયંકા સંજય સ્વાદિયા પ્રથમ વર્ગ વડોદરા

**એમ એસ સી (આઈ ટી )**

કુ. ધ્વની અતુલકુમાર વસાવડા ૭૨% ગાંધીનગર

## કુંજન ધોળકિયા - ધો. ૧૦

અમદાવાદ સ્થિત શ્રીમતી સ્વાતિ તથા કંદર્પકુમાર કૃષ્ણકુમાર ધોળકિયા (એડી. ડીસ્ટ્રીકટ જજ)નાં પુત્રી કુંજન ધોળકિયા ધો. ૧૦ની પરીક્ષામાં ૯૭.૭૭ પી.આર. સાથે ઉત્તીર્ણ થયાં. તેણી ગં. સ્વ. ચંદ્રબાળાબેન ચંદ્રકાન્ત બક્ષીના દોહિત્રી થાય. અભિનંદન.

## કુ. શ્રેયા ઓઝા - બી.કોમ.



પોરબંદર સ્થિત મૈલેશ ભુપેન્દ્રરાય ઓઝાનાં પુત્રી કુ. શ્રેયા ઓઝા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયેલ ટીવાય બી. કોમ.ની પરીક્ષામાં ૮૬.૧૪ % સાથે ઉત્તીર્ણ થઈ સ્નાતક થયાં.

**નોંધ :** (૧) ફોટા ઘણા આવતા હોવાથી ફોટા પાછળ નામ ઘો. / અન્યમાં ટૂંકી વિગત અચૂક લખશો.

*ધ્યેય જેટલું મહાન, તેટલોજ તેનો માર્ગ લાંબો અને વિકટ*

**શ્રી વડનગરા નાગર મંડળ મુંબઈ**ની શિષ્યવૃત્તી પારિતોષીકની માહિતીની સૌ આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે જે ચાલતા યંત્રે ઇ મેઇલથી મળતાં સમય અને જગ્યાના અભાવે ટૂંકમાં તેનીજ કોપી કરી અત્રે આપેલ છે. ફોર્મ તથા વધુ માહિતી માટે સાઇટ www. shrivadnagaranagar.org જોઈ લેશો કે સંપર્ક કરશો...

Last date for Scholarship and Prize application for std. VII,VIII,IX, X and XII Application is 15th JULY, 2013. Last date for Prizes Application for std. X & XII is 31st JULY, 2013. For Graduates, Post Graduates and Higher qualification including Medicine, surgery, dentistry,Diploma,BSM, MBA, etc. last date for Prizes and scholarship application is 15th September 2013. Contact : Shri Parthiv Trivedi : 55/B, Shakunt (Somvali), NS Road No.12, Vithalnagar Society, Juhu Scheme, Mumbai 400 049 Tel: (022 - 26703799)



## સૌ. યુનિ. માં ટોપટેનમાં સ્થાન મેળવતાં કુ. કોશા ઓઝા

પોરબંદર સ્થિત શ્રી ભદ્રેશ બી. ઓઝા તથા શ્રીમતિ જાગૃતિ બી. ઓઝા ના પુત્રી કુ. કોશા ઓઝા સૌ. યુની. દ્વારા લેવાયેલ ટી વાય બી કોમ.ની પરીક્ષામાં ૮૭% સાથે તથા સરેરાશ ૮૩% સાથે ઉત્તીર્ણ થઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ટોપટેનમાં દશમો ક્રમ તથા પોરબંદર જિલ્લામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી કુટુંબનું ગૌરવ વધારેલ છે. અભિનંદન...

## હરીશભાઈ ઓઝા ૭૨ વર્ષની વયે ટેનીસ વિજેતા



સ્વર્ણીમ ગુજરાત મહાકુંભ અંતર્ગત યોજાયેલ રાજય કક્ષાની ટેનીસ ડબલ્સ સ્પર્ધામાં જૂનાગઢના શ્રી હરીશભાઈ (ગોટીકભાઈ) ઓઝાએ ૭૨ વર્ષની વયે ભાગ લઈ રાજયકક્ષાએ ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી ગુજરાત સરકાર તરફથી રોકડ પારિતોષીક તેમજ પ્રમાણપત્ર મેળવેલ છે. આ પહેલાં જિલ્લા કક્ષાએ યોજાયેલ આ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવેલ હતું. વરિષ્ઠ વયે જોમ અને જુસ્સો જાળવી રાખી રમતગમતમાં અગ્ર સ્થાન મેળવનાર યુવા પેઢી માટે પ્રેરક એવા મુ. હરીશભાઈને અભિનંદન આપવાં ઘટે.

## લીમ્કા બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન પામતાં ડો. ભગવતીબેન ઓઝા

વ્યવસાયે તબીબ પહેલાં મોરબી અને હાલ વડોદરા સ્થિત સુ. શ્રી ડો. ભગવતીબેન મનવંતરામ ઓઝાએ કુલ ૩૧ દિવસમાં કોલકતાથી કન્યાકુમારી સુધીનો ૩૦૦૦ કિમીનો સાહસિક સાયકલ પ્રવાસ ખેડીને લીમ્કા બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન મેળવ્યું છે. ૭૭ વર્ષની વયે આ સિધ્ધી હાંસલ કરીને ૨૦૧૩ ની લીમ્કા બુક ઓફ રેકોર્ડસની આવૃતિમાં સ્થાન પામનાર ડો. ભવતીબેનની દાસ્તાન જાણવા જેવી છે...

તેઓ છેલ્લા ૧૨ વર્ષથી પરિવહન અર્થે સાયકલનો જ ઉપયોગ કરે છે. વુમન એડવેન્ચર નેટવર્ક ઓફ ઇન્ડિયા દ્વારા આયોજીત ગો-ગ્રીન ગર્લ સાયકલ એકસપેન્ડિચરમાં તેઓ નિયમિત ભાગ લે છે. તેઓએ પૂના-અમદાવાદ, પૂના-બેંગલોર, વાઘા-બોર્ડર-આગ્રા ભુવેશ્વર કલકતા સુધીના સાયકલ પ્રવાસ કરી પર્યાવરણ માટેની જાગૃતિની મશાલ કાયમ રાખી છે.

૭૨ વર્ષની વયે સ્કુબા ડ્રાઈવીંગની તાલીમ લેનાર ડો. ભગવતીબેન પ્લેનના પાયલોટ તરીકેનું પણ લાયસન્સ ધરાવે છે. સરહદ પર ફરજ બજાવતા લશ્કરના જવાનોના પરિવારજનોને તબીબી સેવા આપતાં આ ડોકટર ગુજરાતના,ગુજરાતી વિદ્યાર્થીઓને લશ્કરમાં જોડવા માટે ઉત્સાહિત કરવા પણ પોતાનો ફાળો આપી દેશની સેવા કરવાની તક જતી કરતાં નથી.

ઘણાં ઘણા પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવનાર ભગવતીબેન જ્ઞાતિ માટે નારી રત્ન જ છે.અભિવંદન. આવા અલગારી હીરલાઓને શોધવા પડતા હોય છે જે સાચા સન્માનના અધિકારી છે. સક્રીય સંસ્થાઓએ આ તક ઝડપવા જેવી ખરી ! અનુભવો પણ પ્રેરક નીવડશે....(ધન્યવાદ પ્રતીક અંજારીયા,વડોદરા પ્રતિનિધી.)

*મળેલા ધનથી જે સંતુષ્ટ છે તેને માટે સ્વર્ગ અહીં જ છે.*

## જ્ઞાતિ વિદ્યાર્થીઓની ઝળહળતી ફતેહ...સૌને અભિનંદન -શુભકામના...


### પ્રેરક ધોળકિયા – ધો. ૧૨

જુનાગઢ નિવાસી પ્રેરક નંદીશભાઈ ધોળકિયા તે ચંદ્રકાન્તભાઈ ધોળકિયા તથા અખિલેશ્વરીબેન ધોળકિયાના પૌત્ર તેમજ વડોદરા સ્થિત કીર્તિભાઈ તથા પૂર્ણિમાબેન વૈષ્ણવના દોહિત્ર એ માર્ચ ૨૦૧૩માં લેવાયેલ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૯.૮૩ પર્સનટાઈલ સાથે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાં વન પર્સન્ટ ટોપરની યાદીમાં સ્થાન મેળવ્યું છે.

### કુ. કાવ્યા વસાવડા – ધો ૧૨




વડોદરા સ્થિત શ્રીમતી અર્ચિતાબેન તથા અમીતભાઈ વસાવડાનાં પુત્રી કાવ્યા વસાવડા એ ધો ૧૨( વિ.પ્ર) સીબીએસસી ૯૫.૨ % મેળવી વડોદરા સેન્ટરમા ૯મું સ્થાન તેમજ ડીપીએસ માં છઠો ક્રમ પ્રાપ્ત કરી જવલંત સફળતા મેળવી છે. ચિ. કાવ્યા કોંચીંગ કલાસ વગર જાત મહેનતથી JEE માં પણ ઉચ્ચ ગુણાંક મેળવી 'એડવાન્સ' માટે યોગ્યતા મેળવી. કાવ્યા હેમલતાબને ભાસ્કરભાઈ વસાવડાનાં પૌત્રી તથા તરૂબેન વિજેન્દ્રભાઈ દેસાઈનાં દોહિત્રી થાય.



### કુ. ઈશા છાયા

જુનાગઢ સ્થિત કુ. ઈશા છાયાએ ધો. ૧૨ સાયન્સ પ્રવાહમાં ૯૮.૬૬ પરસેન્ટાઈલ મેળવી કુટુંબ તથા જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે. કુ. ઈશા શ્રીમતી કૌશલબેન તથા શ્રી કેયુરભાઈ છાયાની પુત્રી, સ્વ. શ્રી દિલુભાઈ તથા શ્રીમતી તરલીકાબેન છાયાની પૌત્રી અને શ્રીમતી દીપ્તીબેન અને શ્રી અનિલભાઈ વસાવડાની દોહિત્રી થાય.

### કુ. ભૂષા મહેતા – ધો. ૧૨

વડોદરા સ્થિત દીપકભાઈ દિવ્યકાન્તભાઈ મહેતાનાં પુત્રી કુ. ભૂષા મહેતા ધો ૧૨માં ૯૮.૩ પી.આર. સાથે ઉર્તીણ થયાં. અત્રે નોંધપાત્ર બાબત એ છે કે રમતગમતમાં અગ્ર રહી તેણીએ આ સફળ તા મેળવી છે... છેલ્લા ૬ વર્ષથી ટેબલ ટેનીસમાં રાજયકક્ષાનું પ્રતિનિધિત્વ કરે છે. અગાઉ જુનિયર ગર્લ્સ ક્રિકેટ ટીમમાં પણ સ્થાન મેળવેલ છે. હાલ રાજય કક્ષાની ટીમમાં વડોદરા વતી રમી રહયા છે. ૨૦૧૨માં ગુજરાત સરકારના ખેલ મહાકુંભ મહોત્સવમાં વડોદરાનું પ્રતિનિધિત્વ કરી મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઈનામ તથા શીલ્ડ પ્રાપ્ત કરેલ.

### તનય બક્ષી – ધો. ૧૨



વડોદરાના તનય બક્ષી એ શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ માં સેન્ટ્રલ બોર્ડ બોર્ડ ધો. ૧૨ સા.પ્ર.માં ૯૨% માર્કસ તથા સમગ્ર વડોદરા શહેરમાં પાંચમો રેંક પ્રાપ્ત કરીને ઝળ હળતી સફળતા હાંસલ કરી છે. તેમણે પોલીટીકલ સાયન્સ વિષયમાં ૧૦૦ માંથી ૯૯ ગુણ મેળવીને પોતાની શાળામાં આ વિષયમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કરેલ છે.પોતાના બોર્ડના અભ્યાસ દરમિયાન તેમણે સામાજિક પ્રસંગોમાં પણ હાજરી આપી હતી. તનય બક્ષી શ્રી મનીષ બક્ષી તથા શિલ્પા બક્ષીના પુત્ર, વડોદરના શ્રી નીલકંઠભાઈ બક્ષી અને સ્વ . શ્રીમતી પૂર્ણિમાબેન બક્ષી (ભૂતપૂર્વ આચાર્યા, ઉત્કર્ષ વિદ્યાલય)ના પૌત્ર અને અમદાવાદના યોગેશભાઈ હાથી(નિવૃત પ્રોફેસર નિરમા અને એલ.ડી. એન્જી. કોલેજ )અને શ્રીમતી વીણાબેન હાથીના દોહિત્ર છે.

*તિરસ્કાર દેખાડવાનો સર્વોત્તમ રસ્તો મૌન છે.*

## કુ. માનસી ધોળકિયા – ધો. ૧૨



માર્ચ ૨૦૧૩ માં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધો. ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) માં જુનાગઢના શ્રી કેતન તથા હિતાક્ષી ધોળકિયાના પુત્રી કુ. માનસીએ ૯૩% તથા સમેસ્ટર ૧થી૪ના સરેરાશ પરીણામમાં ૯૧% ગુણ મેળવેલ છે. તેણીએ ધો. ૧૦ માં પણ ૯૫.૬૦% સાથે જવલંત સફળતા મેળવી ધો. ૧૦ અને ધો. ૧૨ બંન્નેમાં જિલ્લા ટોપર્સ માં સ્થાન મેળવ્યું છે. ચિ. માનસી સૌ. અનિલબેન ચંદ્રકાન્તભાઈ ધોળકિયાનાં પૌત્રી તથા સૌ. પૂર્ણિમાબેન કૌશીકભાઈ વૈષ્ણવનાં દોહિત્રી થાય.

## નૂપુર નાણાવટી – એસ.એસ.સી. બોર્ડમાં દ્વિતીય સ્થાન




માર્ચ માસમાં ગુજરાત બોર્ડ દ્વારા લેવાયેલ એસ. એસ. સી.ની પરીક્ષામાં નૂપુર ભાવેશભાઈ નાણાવટીએ ૯૯.૯૮ પર્સનટાઈલ તેમજ ૯૫% માર્કસ સાથે બોર્ડમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી જ્ઞાતિ તેમજ નાણાવટી પરિવારનું ગૌરવ વધારેલ છે.

## નિસર્ગ બક્ષી – એસ.એસ.સી. બોર્ડમાં દ્વિતીય સ્થાન



રાજકોટના નિસર્ગ કેતન બક્ષી માર્ચ ૨૦૧૩ માં લેવાયેલ એસ એસ સી ની પરીક્ષામાં ૯૫% તથા ૯૯.૯૮ પર્સનેટાઈલ સાથે બોર્ડની દ્વિતીય હરોળમાં ઉર્તીણ થયેલ છે. નિસર્ગ રાજકોટ સ્થિત કેતનભાઈ તથા કાનનબેન બક્ષીના પુત્ર, સ્વ. હિમાંશુભાઈ તથા જયોતિબેન બક્ષીના પૌત્ર તથા પોરબંદર સ્થિત શ્રી અનીલભાઈ તથા દિપ્તીબેન વસાવડાના દોહિત્ર થાય.

## કુ. રિદ્ધી મંકોડી



રાજકોટ સ્થિત શ્રીમતી પ્રેરણાબેન દેવાંગભાઈ મંકોડીનાં પુત્રી (સ્વ. હર્ષવદન અને તરૂલતાબેન મંકોડીનાં પૌત્રી અને ગોંડલ સ્થિત દિલીપભાઇ અને સંધ્યાબેન અંજારીયાનાં દોહિત્રી)એ માર્ચ માસમાં લેવાયેલ ન્યુ એસ.એસ.સી.ની પરીક્ષામાં ૯૯.૯૬ પીઆર (૯૫%) સાથે સમગ્ર ગુજરાત બોર્ડમાં ચતુર્થ સ્થાન સાથે જ્વલંત સફળતા મેળવી શાળા, કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે.

## કુ. ઋત્વી વસાવડા



રાજકોટ નિવાસી નરેશકુમાર કૌશિકરાય વસાવડા તથા ખ્યાતિબેન ન. વસાવડાનાં પુત્રી કુ. ઋત્વી વસાવડાએ માર્ચ માસમાં લેવાયેલ ન્યુ એસ.એસ.સી.ની પરીક્ષામાં ૯૮.૧૩ પીઆર સાથે ઉત્તીર્ણ થઈ કુટુંબ અને જ્ઞાતિને ગૌરવ બક્ષ્યું છે. તેણી અમરેલી ખાતે શાંતિભાઈના સમયથી બરછીને પોતાની માનદ્ સેવા આપી રહેલ મુ. કૌશિકભાઈ વસાવડાનાં પૌત્રી અને ગોંડલના દિલીપભાઈ અંજારીયાનાં દોહિત્રી થાય.

## કુ. દ્રષ્ટિ ધોળકિયા દેનાબેંકમાં જોડાયાં



મૂળ ભુજના અમદાવાદ સ્થિત શ્રીમતી બેલા હર્ષવદન ધોળકિયા તથા હર્ષવદન જાદવરાય ધોળકિયાનાં પુત્રી કુ. દ્રષ્ટિ ધોળકિયા (એમબીએ.-ફાઇ.) PBPS દ્વારા લેવાયેલ PO ની સ્પર્ધાત્મક પરીક્ષા તથા ઈન્ટરવ્યુમાં સફળ થતાં અમદાવાદ ખાતે દેનાબેંકની રીજીયોનલ ઓફીસમાં પ્રોબેશનરી ઓફીસર તરીકે જોડાયાં.

*વધુ પડતું કામ નહી પણ અનિયમિતતા જ માણસને મારી નાખે છે.*

## કુ. શ્વેતા વોરા – બી.કોમ.માં કચ્છ યુનિ.માં પ્રથમ



ભુજનાં કુ. શ્વેતા કૈવલ્યભાઈ વોરા ફાઈનલ બી.કોમ (એકસટર્નલ) અંગ્રેજી માધ્યમ માં ૭૭.૨૨ % માર્કસ સાથે કચ્છ યુનિવર્સિટીમાં દ્વિતીય ક્રમે ઉર્તીણ થઈ જ્વલંત સફળતા મેળવેલ છે.

ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી ધરાવતાં કુ. શ્વેતા આ અગાઉ ધો. ૧૨ કોમર્સમાં કચ્છમાં ત્રીજા ક્રમે અને એસવાય બી.કોમમાં કચ્છ યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે અને ઈન્ટર સી.એ. બંન્ને ગૃપમાં ભારતમાં ૬૪માં ક્રમે આવેલ. કુ. શ્વેતા ભુજના જાણીતા એડવોકેટ શ્રી સુભાષચંદ્ર ડી. વોરા તથા પંકજબેન એસ. વોરાનાં દોહિત્રી થાય.

## કુ. જલધિ વછરાજાની બી.એસસી. થયાં



રાજકોટનાં માલાબેન વછરાજાની તથા સ્વ. વિજયકુમાર રસિકરાય વછરાજાનીના પુત્રી ચિ. જલધિ વછરાજાની ૭૯% માર્કસ સાથે કોલેજમાં દ્વિતીય સ્થાન સાથે ઉર્તીણ થઈ બી.એસસીની પદવી મેળવી છે. દરેક વર્ષની પરીક્ષામાં પ્રથમ અથવા દ્વિતીય સ્થાન જાળવીને તેમણે ઝળહળતી સફળતા મેળવી છે. જો કે સિદ્ધી મેળવી છે તેમ કહી શકાય કારણ કે બેન જલધિએ શરીરની અપંગતા તથા ઓસ્ટીયો જીનેસીસ ઈમ્પર્ફેકચર જેવી અસાધ્ય બિમારી સામે બાથ ભીડી અભ્યાસ કર્યો છે. પથારીમાં પડખું પણ ન ફરી શકતાં જલધિ ફકત એકજ હાથના ઉપયોગથી તથા લાકડીથી કીબોર્ડ નો ઉપયોગ કરી સુતાં સુતાં જ કોમ્પ્યુટર ચલાવે છે, એક હાથથી જ ફોન મોબાઈલ-વોટસેપ દ્વારા વિશ્વના સંપર્કમાં રહે છે અને ઈન્ટરનેટ ફેસબુક જેવાં માધ્યમો દ્વારા મિત્રો સગાવ્હાલા સાથે સતત સંપર્કમાં રહે છે. સમાજ માટે ઉદાહરણરૂપ જલધિબેન ખરે જ અભિનંદનના અધિકારી છે.

## અનંતના યાત્રીઓ : –

– ઉષાબેન ભાનુપ્રસાદ બક્ષી – ૯૧ વર્ષ – વડોદરા– જનકરાય અનીતરાય મહેતા,પિનાકીનભાઈ વસાવડા (પીનુભાઇ) અંબરીષભાઈ માંકડ વડોદરા ખાતે, – – વિપીન હર્ષદરાય દેસાઈ – વડોદરા, અશ્વિનભાઈ ઈન્દુલાલ મહેતા – ૮૦ વર્ષ – વડોદરા. – શ્રી નાગેન્દ્રભાઈ જોષીપુરા ૮૦ વર્ષ, શ્રી નિકુલેશ આચાર્ય, શ્રીમતી જયોતિબેન મનહરલાલ વસાવડા ૭૧ વર્ષ જુનાગઢ ખાતે – ઉષાબેન હરીષભાઈ સ્વાદિયા મુંબઈ ખાતે – અશ્વિન એમ. વોરા ૮૦ વર્ષ મુંબઈ ખાતે.– યતીનભાઈ જસવંતરાય મહેતા ૮૦ વર્ષ ભાવનગર, – જુનાગઢ નિવાસી ગંસ્વ ભવસુતાબેન ધીરુભાઈ વૈષ્ણવ ૮૪ વર્ષ, કુંજલતાબેન મહીધરપ્રસાદ હાથી ૮૪ વર્ષ રાજકોટ ખાતે. – નાગેન્દ્રપ્રસાદ જોષીપુરા ૮૬ વર્ષ જુનાગઢ,– યોગેન્દ્ર ભાઈ નવરંગભાઈ દેસાઈ – ૮૧ વર્ષ – વેરાવળ

## સ્વ. વિજય શરદચંદ્ર ઝીકાર

પ્રથમ પુણ્યતિથિ

જન્મ : તા. ૧૧/૭/૧૯૫૦ સ્વર્ગવાસ : તા. ૭/૬/૨૦૧૨



[illegible] સદા સ્મિત — [illegible]
જીવન એવું જીવ્યા — જોનારા જોતા રહે
કર્મ સદા એવાં કર્યા — હૃદયમાં સૌના ગૂંજ્યા કરે
જ્ઞાન થી કદી ફર્યા નહીં — વ્યવહારમાં કદી ચૂક્યા નહીં
ધર્મ કદી ચૂક્યા નહીં — આખરે અમે મિત્રોમાં મસ્ત રહ્યા
કુટુંબ પરત્વેનું પણ ઓછું નહીં [illegible] ફર્યા નહીં
આંખો અશ્રુ [illegible], દિલ [illegible] કે કોઈની [illegible]
પરમકૃપાળુ પરમાત્મા સદ્દગતના જીવને શાંતી અર્પે
એવી અભ્યર્થના...

ભગવતી શરદચંદ્ર ઝીકાર — સંધ્યા વી. ઝીકાર
તાપસ જ્યોતિષ વૈષ્ણવ — જપસ સંદીપ વૈષ્ણવ
નૈનાશ વિજય બુચ — ભાવના આશીષ જોશીપુરા
સુધાકર ચુડાસમા સહ પરિવાર....

હૃદય નિર્ણય કરે છે...મન યોજના ઘડે છે અને હાથ તેનો અમલ કરે છે.

# સ. ગુ. નાગર પરિષદના ઉપક્રમે અંબાજીમાં રાત્રિપૂજા

સમગ્ર ગુજરાત નાગર પરિષદ મહામંડળ (રાજય કક્ષા) નાં ઉપક્રમે ગત વર્ષની જેમ જ તા. ૬/૫ થી ૧૧/૫ દરમિયાન રાત્રે ૯ થી ૧૨ દરમિયાન આરાસુરી અંબાજી ખાતે રાત્રી પૂજાનું આયોજન રાજય સરકારશ્રી, યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેનશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીના પૂર્ણ સહકારથી સંપન્ન થયું.જેમાં ગુજરાત ઉપરાંત મધ્યપ્રદેશ, રાજસ્થાન, મુંબઈના ૧૩૦૦ થી વધુ હાટકેશજનોએ હાજર રહી જગત જનની માં અંબાનો ઉપવાસ સહ ઉપાસના નાગરી રીતરિવાજ અને વિધી વિધાનપૂર્વક રેશમી વસ્ત્રોમાં સજ્જ થઈ કરેલ. રાત્રી પૂજન કાર્યક્રમમાં અખિલ ભારતીય નાગર પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ સર્વશ્રી રજનીકાન્તભાઈ મહેતા, શ્રી ચંપકભાઈ જોષી, ઉપાધ્યક્ષ શ્રી શૈલેષભાઈ જોષી, રાષ્ટ્રીય પ્રચાર મંત્રી મહેશ જોષી , મુંબઈ શાખાના શ્રીમતી વીણાબેન જોષી તેમજ અન્ય પ્રાંતોના હોદેદારો વિશેષ ઉપસ્થિત રહેલ.

રાત્રી પૂજાની સમગ્ર વ્યવસ્થા સુપેરે સંપન્ન કરવામાં ઉપપ્રમુખશ્રી જયરાજ મહેતા, કમલેશ મહેતા, મંત્રી બેલાબેન જહા વિગેરે એ પ્રસંગને શોભાયમાન કરી નાગર એકતાના દર્શન કરાવેલ.રાત્રી પૂજાના આયોજકો સમગ્ર ગુજરાત નાગર પરિષદના લોકલાડીલા પ્રમુખશ્રી નરેશ રાજા, લિમ્કા બુકમાં જેઓનો રેકોર્ડ પ્રસ્થાપિત છે તેવા ચેરમેનશ્રી અરૂણભાઈ બુચ તેમજ સમગ્ર ગુજરાત નાગર પરિષદના તમામ હોદેદારોએ રાત્રીપૂજાને સફળતા બક્ષેલ. હા, નાગરોના હકક છતાં મંદિરમાં પ્રવેશ બાબતે આબાલ-વૃધ્ધ સૌને સુરક્ષાના નામે થયેલ પરેશાની પ્રત્યે જબ્બર નારાજગી વ્યાપેલ.

# જુનાગઢ ખાતે શ્રી નરસિંહ મહેતા ધામનું ઉદ્દઘાટન

જુનાગઢ ખાતે શ્રી પ્રભાશંકર રાજારામ દેસાઈ ધર્મશાળા ટ્રસ્ટ નિર્મિત શ્રી નરસિંહ મહેતા ધામનું ગિરનાર તળેટી સુદર્શન તળાવ સામે ભવનાથ ખાતે તા. ૫-૫-૧૩ ના રોજ સ્વામીશ્રી અધ્યાત્માનંદજીના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું. સમારંભનું અધ્યક્ષ સ્થાન શ્રી હેમેન્દ્રભાઈ આઈ. દેસાઈએ શોભાવેલ જયારે મુખ્ય મહેમાન પદે શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈ તથા ડો. બિપીન કીકાણી બીરાજેલ. આ સ્થળની માહિતીની નોંધ લઈએ તો ૧૯૬૨માં સાર્વજનિક ટ્રસ્ટ રચવામાં આવ્યું. જેને કલ્યાણકારી ભાવના સાથે વિકસાવી ૪૦૦૦ ચો. ફુટમાં પ્રથમ તબકકાનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. જેમાં આધુનિક સવલત સાથેના નવ રૂમ, ભોજનગૃહનો સમાવેશ થાય છે. બીજો માળ અનુદાનો મળવાથી શરૂ કરવામાં આવશે. વિશેષ માહિતી માટે સંપર્ક : ૦૨૮૫ – ૨૬૨૦૩૩૭

# 'હાટકેશજન' દ્વારા મહેતાજીની ૬૦૮મી જન્મજયંતિએ પુષ્પાંજલી



આદ્યકવિ, સંતશ્રી નરસિંહ મહેતાની ૬૦૮ મી જન્મજયંતિ વૈશાખી પૂર્ણિમા તા. ૨૫-૫-૨૦૧૩ ના ભાવપૂર્ણ વાતાવરણમાં ઉજવવામાં આવી. રામકૃષ્ણ નગર સ્થિત બગીચામાં તા. ૧૮-૪-૨૦૦૮ ના રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટની સર્વપ્રથમ શ્રી નરસિંહ મહેતાની કાંસ્ય પ્રતિમાનું અનાવરણ થયા બાદ, પ્રતિ વર્ષ ભકત નરસૈયાની પ્રતિમાને જન્મજયંતિ તથા હારમાળા જયંતિના મંગલ દિને પુષ્પાંજલીનો કાર્યક્રમ 'હાટકેશજન' દ્વારા સુપેરે યોજવામાં આવે છે. આજરોજ યોજાયેલ કાર્યક્રમમાં હાટકેશજનના સંયોજક રાજીવ વછરાજાની, વિપુલ પોટાની સંગાથે નાગર જ્ઞાતિના વિવિધ સંગઠનોના હોદેદારો-જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં પુષ્પાંજલી અર્પણ કરેલ. શ્રી નરસૈયાને પ્રિય વિશ્વ વિખ્યાત "વૈષ્ણવજન" નું સમૂહગાનથી મહેતાજીને વંદના કરી સૌ છુટા પડેલ.

આળસુ માણસ શ્વાસ જરૂર લે છે પણ જીવતો નથી હોતો

# રાજકોટ ખાતે રવાડી, સન્માન, ભજનભોજન સાથે પાટોત્સવની ઉજવણી

રાજકોટ ખાતે તા. ૨૪-૪-૨૦૧૩ ના રોજ દાદાના પાટોત્સવની ઉલ્લાસમય વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી. સવારે ૯ થી ૧૨ નાગર બોર્ડીંગ ખાતેના મંદીરમાં લઘુરૂદ્ર નું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે પંચનાથ મંદીરેથી પ્રતિવર્ષ મુજબ શોભાયાત્રામાં સારી સંખ્યામાં જ્ઞાતિજનો જોડાયેલ. રસ્તામાં દાદાની પાલખીનું ઠેર ઠેર પૂજન અર્ચન, બેન્ડવાજા-નાદ સાથે હાટકેશ્વર મંદિર પહોંચેલ. આરતી દર્શનનો લાભ લઈ સૌ વિખરાયા હતા.

સાંજે ૭:૩૦ થી ૧૦ નાગર બોર્ડીંગ ખાતે હાટકેશ પાટોત્સવ સમિતિના નેજા હેઠળ યોજાયેલ સમુહ ભોજન સાથે જુનાગઢના જાણીતા કલાકારો નાણાવટી બ્રધર્સના સૂરીલા ભકિતગીતોના કાર્યક્રમનું આયોજન હતું. ઉપસ્થિત એક હજાર આબાલ વૃધ્ધ જ્ઞાતિબંધુઓએ નાણાવટી ભાઇઓના સૂરીલા ભજનો-ગીતો સાથે સ્વાદિષ્ટ લાડુ, ભજીયા સમેતના ભોજનનો આસ્વાદ માણ્યો હતો. અત્રે વિશેષ નોંધ લેવી ઘટે કે આ વર્ષે સમુહ ભોજનનો ખર્ચ અત્રેના શ્રી મૃગેન્દ્રભાઈ વસાવડા પરિવારે ઉપાડી જ્ઞાતિ પ્રત્યેનો શુભભાવ, દર વર્ષે આ પ્રથા શરૂ થાય તેવી ભાવના સાથે નાત જમાડયાની ધન્યતા અનુભવી હતી.આ બદલ વસાવડા પરિવારને ધન્યવાદ ઘટે. (આશા રાખીએ કે પાટોત્સવ સમિતિ જ આ વર્ષના પાટોત્સવ માટે એકત્ર કરેલ ફાળા/અનુદાનનો લાભ જ્ઞાતિને આવતા વર્ષે 'પ્રસાદભોજન' રૂપે આપી પ્રેરક ઉદાહરણ પૂરૂં પાડશે.)

આ કાર્યક્રમ દરમિયાન ઘણા વર્ષોથી પાટોત્સવમાં સમિતિમાં સન્નિષ્ઠ સેવા આપી રહેલ મુ. શ્રી કૌશિકભાઈ પોટા, શ્રી સુરેશભાઈ છાયા, શ્રી મનહરભાઈ વૈષ્ણવ, શ્રી મધુકરભાઈ વૈષ્ણવ તથા સ્વ. વિભાકરભાઈ અંજારીયાનું સન્માન કરવામાં આવેલ. આ કાર્યક્રમની ઉદ્‌ઘોષણાની જવાબદારી કુ. કોમલ મનહરભાઈ વૈષ્ણવે સંભાળી હતી. સમગ્ર કાર્યક્રમનું સુકાન ચેતન છાયાએ સંભાળ્યું હતું.

**અમદાવાદ :** તા. ૨૮ એપ્રિલ રવિવારે સાંજના શ્રી પાર્થેશ્વર મહાદેવના પટાંગણમાં શ્રી હાટકેશ્વર મહાદેવના પાટોત્સવ નિમિતે જીવરાજ પાર્ક નાગર મંડળ તરફથી લઘુરૂદ્રનું આયોજન કરેલ. પૂજામાં શ્રી મુકેશભાઈ નાણાવટી બેઠેલા. જેમાં મંડળના સર્વે સભ્યોએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ. ત્યારબાદ મંડળની નવી કારોબારી ૨૦૧૩-૨૦૧૪ માટે સભ્યોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખસ્થાને શ્રી ભૂપેન્દ્રભાઈ દેસાઈ, ઉપપ્રમુખ તરીકે શ્રી જયેશભાઈ ઘોડાની સર્વાનુમતે વરણી થયેલ. આ સાથે જ મંડળના સભ્યોના નામ, સરનામા, અભ્યાસ ટેલી.નં. ની માહિતી સાથેની પરિચય પુસ્તિકા પણ બહાર પાડવામાં આવી. છેલ્લે દાદાના પાટોત્સવ નિમિતે મહાપ્રસાદ રસ-પુરી વિ. નો સ્વાદ માણી સૌ હર હર ના નાદ બોલતા વિખરાયેલ.

**આણંદ :** શ્રી નાગર મંડળ, આણંદ દ્વારા તા. ૨૪-૪-૨૦૧૩ ના રોજ હાટકેશ્વર જયંતિ-પાટોત્સવની ઉજવણી નિમિતે રાધાકૃષ્ણ મંદીર ડેરી રોડ ખાતે સવારના ૯ વાગ્યાથી પૂજાનો કાર્યક્રમ જ્ઞાતિના સભ્યશ્રીઓના યજમાન પદે કરવામાં આવેલ, જેમાં જ્ઞાતિજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. સાંજે ૭:૩૦ કલાકથી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, જેમાં સિનિયર સીટીઝન દંપતીઓનું સન્માન કરવામાં આવેલ. સમુહભોજનના અંતે કાર્યક્રમ પુરો થયેલ. જ્ઞાતિના સર્વે કારોબારી સભ્યશ્રીઓએ જહેમત ઉઠાવી કાર્યક્રમને દીપાવ્યો હતો.

**શુભ લગ્નમ્ :-** રાજકોટના હિતેષ દિલીપરાય ધોળકિયા(બરછી પ્રતિનિધિ)ના પુત્રી સોનાલીના લગ્ન અમદાવાદ સ્થિત ધીરેનભાઈ મહેતાના પુત્ર ઉદીત સાથે ધામધુમથી ઉજવાયાં. સ્નેહી, શુભેચ્છકો, સહકર્મચારીઓને ભોજન સમારંભ પણ યોજેલ. - જૂનાગઢનાં ભુમિ અનિલભાઈ અવાશિયાના લગ્ન હાર્દિક નરેન્દ્રભાઈ વસાવડા સાથે. - જૂનાગઢનાં હિમાંતી નિતીનભાઈ ખારોડના લગ્ન શ્રી નિશાંત ઋષિકેશભાઈ વૈષ્ણવ સાથે. - જૂનાગઢ નાં નિરાલી કૌશિકભાઈ નાણાવટીના લગ્ન ઉજ્જૈન નિવાસી અંકિત ધનંજયભાઈ વસાવડા સાથે. - વડોદરના પલ્લવ જૈમિનભાઈ અંજારીયાના લગ્ન ગાંધીધામના ધરા સાથે. - રાજકોટના તન્મય નરેન્દ્રભાઈ માંકડના લગ્ન અમદાવાદ સ્થિત મૈત્રી ભવેન્દુભાઈ ઓઝા સાથે. - આદિપુર સ્થિત પ્રકાશભાઈ એચ. છાયાના પુત્ર મહેકના લગ્ન રાજકોટ સ્થિત અભયભાઈ ઢેબરનાં પુત્રી જાહનવી સાથે. - વડોદરા સ્થિત ભગીરથભાઈ ચંદ્રવદન માંકડનાં પુત્રી ઈશાના લગ્ન જુનાગઢ સ્થિત હર્ષદભાઈ અરવિંદભાઈ ઘોડાના પુત્ર જિગર સાથે.

*જેમણે તક ગુમાવી છે તેમણે સફળતા પણ ગુમાવી છે*

# -----સમાચાર સંચય-----

⌖ **યુ.એસ.એ. :-** સ્થિત રાજકોટના ઈશીત રાજીવ વછરાજાની એ એન્ડ ઈ, હિસ્ટ્રી, લાઈફટાઈમ,મુવીઝ નેટવર્ક, જેવી ૧૦ ચેનલ ધરાવતી એ+ઈ નેટવર્ક કંપનીમાં વાઈસ પ્રેસીડન્ટ (એપ્લી. આઈટી)તરીકે નિયુકત થયા. તેમની દેખરેખ હેઠળ ૫૦ કર્મચારીગણ કાર્યરત છે.

⌖ **રાજકોટ :-** અત્રેની વિખ્યાત એચજે સ્ટીલ કંપનીમાં ઓફિસરની જવાબદારી સંભાળતા ભૂષણ મહેશભાઈ ધોળકિયા (બરછીના આદ્ય તંત્રી શાંતીભાઈ ધોળકિયાના પૌત્ર)ને કંપનીએ વાટાઘાટો માટે ઈટાલી અને જર્મની ખાસ ડેપ્યુટેશન તરીકે મોકલેલા. તેઓ મુંબઈશ્રી જ્યુરીચ, વેનીસ, મ્યુનિચમાં સફળ કામગીરી બજાવી પરત આવી ગયા. આ કંપનીએ નાગરબંધુને વિદેશ કામ સબબ મોકલ્યાનો આ પ્રથમ અને એકમાત્ર દાખલો છે. અભિનંદન.

⌖ અત્રેના અંકુર વિ. ધોળકિયા, વડોદરાનાં ઉત્સવી વિ. દેસાઈ, નવસારીના સંચિત હિ. ઓઝા યુથ હોસ્ટેલ પ્રયોજિત ૧૩૮૦૦ ફૂટના મનાલી ખાતે હિમાલયન ટ્રેકીંગમાં ભાગ લઈ આવ્યા.(પોતાની ચૂસ્તિ સ્ફૂર્તિ ચકાસવા, અદ્‌ભૂત કુદરતી સૌંદર્ય નિહાળી ફોટોગ્રાફી,પેઈન્ટીંગનો શોખ કેળવવા/વિકસાવવા, વિવિધ પ્રદેશોના પ્રત્યક્ષ નવા મિત્રો બનાવવા અને થોડી અગવડતા અને મુશ્કેલીનો સામનો કરવાની, સ્વતંત્ર નિર્ણય કરવાની શીખ મેળવવા યુવાનોએ કયારેક આવા પ્રવાસમાં જોડાવા જેવું અને માતા પિતાએ મોકલવા જેવું ખરૂં.)

⌖ કુ. ખુશાલી ઉત્કલ વૈષ્ણવ દેનાબેંક ટંકારા ખાતે નિમાયા.

⌖ હીરેન જગદીશભાઈ હાથી સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયામાં જોડાયા.

⌖ સ્મિત વિભાકર માંકડ એકસીસ બેંક મુન્દ્રામાં ડે. મેનેજર તરીકે બઢતી મેળવી.

⌖ ભાર વિનાનું ભણતર અંતર્ગત નિષ્ણાત વ્યકિતઓની શ્રીમતી નીતા વિરલ વસાવડાએ લીધેલ મુલાકાત રાજકોટ દુરદર્શન ઉપરથી ટેલીકાસ્ટ થઈ.

⌖ જયવંત ત્રિપાઠી, ડો. દિનેશભાઈ પાઠક સપરિવાર પશુપતિનાથ, નેપાળ, અયોધ્યા, છપૈયાની યાત્રાએ જઈ આવ્યા.

⌖ અત્રેના રેલનગરના યુવા તબીબ ડો. પુલકિત બક્ષીના હનુમંત કલીનીકનો પાંચમા વર્ષમાં પ્રવેશ થયો. જે સમય દરમ્યાન અસંખય દર્દીઓએ અનેક દર્દોની સારવાર મેળવી.

⌖ અત્રેના ક્રિકેટર અર્પિત વસાવડાએ અમદાવાદ ખાતે રમાયેલ ૨ન તથા અન્ય મેચમાં ૬૧ રને અણનમ રહી મેન ઓફ ધી મેચનો પુરસ્કાર મેળવ્યો. ફાઈનલ મેચમાં પણ અણનમ રહેતા એલઈડી ટીવી મેળવ્યું.

⌖ જ્ઞાતિ/અન્ય જ્ઞાતિના અભ્યાસ કરતાં સંતાનો માટે ફૂલસ્કેપ ચોપડાનું વિના મૂલ્યે વિતરણ તા. ૨૭/૬ થી ફાઇન આર્ટ પ્રિન્ટર્સ, કોટેચાનગર મેઇન રોડ ખાતેથી કરવામાં આવે છે.

⌖ **ગોંડલ :-** શ્રી હાટકેશ્વર પાટોત્સવ નિમિત્તે રાત્રે હાટકેશ મંદિરમાં ધૂન, ભજન,શિવમહીમ્ન સ્તોત્ર,આરતી બાદ અત્રેના મુ. શ્રી દુર્ગાશંકર (દુર્ગેશભાઇ) પંડયા તરફથી સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્ઞાતિજનોના માર્ગદર્શક તરીકે અને આ સૌજન્ય બદલ તેઓનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ અને દિર્ઘાયુ ભોગવે તેવી લાગણી વ્યકત કરવામાં આવેલ.

⌖ અત્રેના શ્રી કમલેશભાઈ દેસાઈ સેન્ટ્રલ બેંકની ૪૦ વર્ષની યશસ્વી ફરજ બજાવ્યા બાદ તા. ૩૦/૪ના રોજ સેવા નિવૃત્ત થતાં સ્ટાફ તથા વેપારીઓ તરફથી ભાવભીનું વિદાયમાન આપવામાં આવેલ. જેના પ્રતિભાવ રૂપે તેઓ તરફથી તા. ૪/૫ના રોજ જ્ઞાતિજનો, સ્નેહીશુભેચ્છકો ,વેપારીઓ માટે ભોજન

સમારંભ યોજેલ જેમાં દેસાઈભાઈની બેંકથી ઓળખતા કમલેશભાઈની સૌએ નિષ્ઠાપર્વકની કામગીરીને અને વિશેષ સેવાભાવનાને મુકતકંઠે બિરદાવી, કર્મઠ બેંકરની ખોટ સાલશે તેમ જણાવી સુખમય જીવનની શુભેચ્છા પાઠવી હતી

⌖ તા. ૨૫/૫ના રોજ ભકતકવિ નરસિંહ મહેતાની જયંતિ નિમિત્તે હવેલી પાસેના ચોકમાં સ્થિત ભકતરાજ નરસૈયાની પ્રતિમાને શ્રી અરવિંદભાઈ અવાશીયા તથા ગોંડલ સાહિત્ય વર્તુળના હિતેષભાઇ દવેના નેજા હેઠળ જ્ઞાતિ ઈતર જ્ઞાતિજનોએ દિપપ્રાગટય અને હારતોરા કરી શ્રધ્ધાસુમન અર્પ્યા બાદ બંને વકતાઓએ શ્રી હરિ સાથેના ગૂઢ અને ગાઢ સંબધોની બાબતો વર્ણવેલ. બાદ શ્રી પિયુષભાઈ વસાવડા-શ્રી કમલેશભાઈ દેસાઈ અને સાથી કલાકારો મહેતાજીના પદો-ભજનોની રંગત જમાવી હતી.

⌖ **જામનગરઃ-** ચિ. ત્વિષા હસીતભાઈ અવાશીયા ૧૦ વર્ષની વયે અંબાલા આઉટડોર એકેડેમીક સેન્ટર અમદાવાદ આયોજીત સીમલા (હિમાચલ પ્રદેશ) ખાતે ટ્રેકીંગ માં ભાગ લઈ આવ્યાં.

⌖ લેડીઝ ચેમ્બર ઓફ કોમર્સ તથા મહિલા બેંકના સંયુકત ઉપક્રમે શહેરના અગ્રણીઓના સન્માન સમારંભમાં શ્રીમતી સોનલ નાણાવટીનું સન્માન કરવામાં આવ્યું.

⌖ તા. ૭ જૂનના રોજ હાટકેશ હોલ ખાતે નેશ-લે દ્વારા શ્રીમતી સોનલ નાણાવટી તથા શ્રીમતી દર્શાંગી પંડયાની રાહબરી હેઠળ રસોઈ શોનું આયોજન થઈ ગયું. જેમાં મેગીની વિવિધ વાનગીઓ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ઝડપથી કેવી રીતે બને તેનું નિદર્શન કરવામાં આવ્યું.

⌖ અ.ભા.નાગર પરિષદ જામનગર શાખાના સાંસ્કૃતિક સભ્ય શ્રીમતી દર્શાંગી પાર્થ પંડયા, સભ્યો શ્રીમતી હેમાંગિની કે. ધોળકિયા,શ્રીમતી વરદા પ્રણવ ઝાલાની પરિષદના મહિલા વિભાગના રાષ્ટ્રીય કન્વીનર તરીકે નિમણુંક કરવામાં આવી.

⌖ તા. ૨ જૂનના રોજ રાજકોટ ખાતે યોજાયેલ અ.ભા.નાગર પરિષદનું ૨૦મુ મધ્યસ્થ સત્ર બેઠકમાં પરિષદના પ્રમુખ શ્રી મધુભાઈ બુચ, અંબરિષભાઈ જથ્થલ દર્શાંગી પંડયા, હેમાંગિની ધોળકિયા તથા વરદા ઝાલાએ હાજરી આપી પોતાના વિચારો રજૂ કર્યા.

⌖ જરૂરીયાત મંદોને મેડીકલ સહાયનું મૂલ્યવાન કાર્ય કરનાર નાગર સોશ્યલ ગ્રુપ મેડીકલ એઇડ ટ્રસ્ટની ૧૯મી વાર્ષિક સામાન્ય સભા તા. ૯/૬ના રોજ હાટકેશ હોલમાં યોજાય ગઈ. ૨૫૦ જેટલા દાતા-સભ્યોની હાજરીમાં સંસ્થાના વાર્ષિક હિસાબો, બજેટ, નવા વર્ષના કેમ્પની માહિતી તથા આપવામાં આવેલી આર્થિક સહાયની વિગતો આપવામાં આવી હતી. અહેવાલમાં ૧૧,૩૭,૨૭૮કોર્પસ ફંડ, રૂા. ૪૬૦૦૦ લોન તથા રૂા. ૨૦૨૮૯ની પૂરાંત બતાવવામાં આવેલ છે. પ્રમુખશ્રી તરફથી ચાલુ વર્ષમાં મળેલ મોટા યોગદાનની જાહેરાતને સૌએ બીરદાવી હતી. અંતમાં રાષ્ટ્રગીતને માન આપી ભોજનને માન આપ્યા બાદ સભા સંપન્ન થયેલ.

⌖ જિગ્નેષ જગદીપ છાયાએ એકસીસ બેંક માધાપર-ભુજ બ્રાન્ચમાં ડેપ્યુટી મેનેજર તરીકે બઢતી મેળવી.

⌖ **જામખંભાળિયાઃ-** અત્રે યોજાયેલ કવિ સન્માન કાર્યક્રમની શરૂઆત રોહિણીબેન ઓઝાની પ્રાર્થનાથી થઈ હતી જયારે જલ્પેશ માંકડે ગીતો રજુ કરી પ્રેક્ષકોની દાદ મેળવી હતી.

⌖ **શિહોરઃ-** સ્વ. ડો. જનુભાઈ દેસાઈની સ્મૃતિમાં છાશ કેન્દ્ર શરૂ કરાયું.

⌖ **પોરબંદર :** જવલંત છાયા વિશ્વ હિન્દુ પરિષદ પોરબંદર શાખાના મંત્રી તરીકે નિમાયા.

⌖ **અમદાવાદઃ-** જીવરાજ વેજલપુર નાગર મંડળના ઉપક્રમે સિનિયર સીટીઝન્સ માટે શ્રી રવિન્દ્રભાઈ છાંયાના નિવાસ સ્થાને રાજકોટના શ્રી રૂદ્રેશભાઈ બુચ દ્વારા તૈયાર કરાયેલા દુર્લભ જુના ફિલ્મના વિડીયો

ગીતોનો પ્રોજેકટર શો યોજાય ગયો. અંતમાં સૌ અલ્પાહાર લઈ છુટા પડેલ.

⌖ ભાવનગરનાં અમદાવાદ સ્થિત શ્રી અમીત ભાસ્કરભાઈ ઓઝા તથા શ્રીમતી જુઈના પુત્ર વરદ માસ્ટર ઓફ એન્જીનીયરીંગના ઉચ્ચ અભ્યાસ અર્થે જર્મની જવા રવાના થયા.

⌖ શ્રી ઉમેશ ચંદ્રશેખર અંતાણી(૭૪ વર્ષ) અને સૌ. સાધના ઉમેશ અંતાણી(૬૯ વર્ષ) એ તાજેતરમાં નેપાળયાત્રા દરમિયાન પ્રસિધ્ધ શ્રી પશુપતિનાથ મહાદેવના દર્શન સાથે કાઠમંડુ પોખરાવના પર્યટન અને ધર્મસ્થાનો માઉન્ટ એવરેસ્ટ, શ્રી અન્નપૂર્ણા શિખર શ્રી મનોકામના દેવી- શ્રી કામાક્ષી દેવી તથા સિધ્ધ સ્લીપીંગ વિષ્ણુની વિરાટ મૂર્તિના દર્શન કર્યા. તેઓએ ૧૨ જયોર્તિલીંગ ,મહારાષ્ટ્રના અષ્ટ વિનાયક ચાર વૈદીકધામ, શ્રી જગન્નાથપુરી, શ્રી રામેશ્વર અને શ્રી દ્વારકા પુરી તથા ઉતરાખંડ ચારધામ શ્રી અમરનાથ યાત્રા સાથે ભારતયાત્રા પૂર્ણ કરેલ છે.

⌖ શ્રી જયેશ આર. માંકડ રાજશ્રી પોલીફીલ્સ(રાજપીપળા) કંપનીમાં વાઈસ પ્રેસીડન્ટ તરીકે નિમાયા.

⌖ **વલસાડઃ-** નાગર મંડળ દ્વારા દાદાના પાટોત્સવની ઉજવણી કરવામાં આવી. પ્રમુખશ્રી બંકિમ વૈદ્ય તથા મંત્રીશ્રી રજનીકાન્ત વૈષ્ણવના સંચાલન હેઠળ સૌએ સ્તુતિ ભજનો કર્યા બાદ રસ, બટાકાવડાનું ભોજન આરોગેલ. શ્રી કિરણ વૈદ્યની આભાર વિધિ બાદ ૨૦૧૩-૧૪ ના વર્ષ માટે પ્રમુખ તરીકે રજનીકાન્ત વૈષ્ણવ, સેક્રેટરી તરીકે ભાલેન્દુ છાયાની વરણી કરવામાં આવી હતી.

⌖ **વડોદરાઃ-** અત્રે સ્થિત શ્રી વિશ્વેશ શિવકુમારભાઈ દેસાઈના પુત્ર મુદિત દેસાઈ ઈન્ડીયન એરફોર્સમાં ફલાઇટ લેફટનન્ટમાંથી સ્કોર્ડન લીડર તરીકે બઢતી મેળવી ગોરખપુર બદલાયા. ભાઇ મુદિતે દેસાઈ- ધોળકિયા કુટુંબ તેમજ જ્ઞાતિ ઉપરાંત ગુજરાતીઓને પણ ગૌરવ બક્ષ્યું છે. અભિનંદન સહ શુભકામના.

⌖ સ્વ. શ્રી મનસુખલાલ મગનલાલ અંતાણી સ્મારક ફંડ , ડો. છબીલદાસ સોમજી ધોળકિયા સ્મારક તથા શ્રીમતી ઈન્દુબેન છબીલદાસ ધોળકિયા સ્મારક તરફથી ફકત વડોદરા સ્થિત કચ્છી નાગર /નાગર બ્રાહ્મણ પરિવારના ધો. ૧ થી ૧૦ તથા ધો. ૧૧ - ૧૨ના બંન્ને પ્રવાહના બાળકોની શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨માં લેવાયેલી વાર્ષિક પરીક્ષાના ગુણપત્રની નકલ તા. ૧૫-૮-૨૦૧૩ પહેલા શ્રી દુષ્યંત એમ અંતાણી, શ્રમદીપ ૧૪ એ/ ભવાની સોસાયટી, પાણીની ટાંકી સામે, કારેલી બાગ વડોદરા-૩૯૦ ૦૨૨ ખાતે મોકલી આપવી.

⌖ સ્વ. શ્રીમતી સંતોકબેન મોહનલાલ સ્વાદિયા ટ્રસ્ટ , વડોદરા સ્થિત કચ્છી નાગર /નાગર બ્રાહ્મણ પરિવાર અથવા વડોદરામાં રહી અભ્યાસ કરતા કચ્છી નાગર /નાગર બ્રાહ્મણ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩માં ડિગ્રી ,પોસ્ટ ગ્રેજયુએશન અથવા તેની સમકક્ષ સી.એ.-સી.એસ.-એમબીએ જેવી પદવી સરકાર માન્ય સંસ્થામાંથી મેળવેલ હોય તેઓએ તેમની માર્કશીટની નકલ તા. ૧૫-૮-૨૦૧૩ પહેલાં શ્રી દુષ્યંત એમ. અંતાણી, શ્રમદીપ ૧૪ એ, ભવાની સોસાયટી, પાણીની ટાંકી સામે, કારેલી બાગ વડોદરા- ૩૯૦ ૦૨૨ ખાતે મોકલી આપવી.

⌖ શ્રીમતી કૃષ્ણાબેન બકુલભાઈ મંજુલાલ વોરાના લગ્નજીવનની ૫૦મા વર્ષની ઉજવણી વિશાળ પરિવારજનો અને આમંત્રિતોની ઉપસ્થિતિમાં કરવામાં આવી.

⌖ અત્રેના શ્રી કુમારકાન્ત વી. બુચ સહકુટુંબ મસુરી, હરદ્વાર, કોરબેટ પાર્ક ,નૈનીતાલ, રાનીખેત, દિલ્હી ના પ્રવાસે જઈ આવ્યા. અગાઉ સોમનાથ, દીવ ના પ્રવાસે પણ જઈ આવ્યા.

⌖ ધર્માંગ બુચ, જયમાંગ બુચ, સહપરિવાર વડોદરા, યજ્ઞેશ બક્ષી સહપરિવાર અમદાવાદ, જયંત વૈષ્ણવ સહ પરિવાર રાજકોટ ચારધામની યાત્રાએ જઈ આવ્યા.

*સદ્ભાગ્ય સદા પરિક્રમ્માની પાછળ જ હોય છે*

⌖ કૈરવ કેતનભાઈ દેસાઈને યજ્ઞોપવિત સંસ્કાર અપાયા.

⌖ અત્રેના જિગર તથા ધવલ એચ. ઘોડા સંચાલિત ફાઈ.કંપની વૃધ્ધિ એશોસીએટસની વડોદરા રીજીયનના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના હોમલોન કાઉન્સીલર તરીકે નિમણુક કરવામાં આવી.વિશેષ માટે સંપર્ક : ૯૭૧૪૭૧૪૬૦૬

⌖ આજની વિભકત કુટુંબ પ્રથામાં સમસ્ત કુટુંબીઓની ઓળખાણને તાજી કરવાની ભાવનાથી અને શકય તેટલાની પ્રત્યક્ષ મિલનના ભાગ તરીકે અમેરીકા સ્થિત હર્ષદરાય વસંતરાય અંજારીઆના પ્રયત્નથી તેઓના લઘુબંધુ અશોકભાઈના ષષ્ઠિપૂર્તિના પ્રસંગ નિમિતે કુટુંબમેળાનું આયોજન વડોદરા ખાતે રાખેલ ફકત બે-ત્રણ કલાકના આ પ્રસંગમાં ભુજ મુંબઈ રાજકોટ જામનગર પોરબંદર સુરત અમદાવાદ ગાંધીનગરથી કુટુંબીજનોએ હાજર રહી પ્રસંગને દીપાવેલ. કુટુંબ પરિચય બાદ સુરુચિ ભોજનને ન્યાય આપવામાં આવેલ. આ પ્રસંગે રાજકોટનાં ધ્વનિબેન વિભાકરભાઈ વછરાજાનીના મધૂર કંઠે ગવાયેલ ભજનનો કુટુંબીઓએ લાભ લીધેલ.

⌖ **ભાવનગરઃ-** હર્ષ નંદન દેસાઈ ભુજ ખાતે યોજાયેલ ઓપન ભુજ ટેબલટેનીસ ટુર્નામેન્ટમાં પ્રથમ વિજેતા થતા શીલ્ડ તથા ૧૦૦૧ રૂા રોકડ પારિતોષીક મેળવ્યા.

⌖ **અંકલેશ્વરઃ-** રાજકોટના અંકલેશ્વર ખાતે લ્યુપીન ફાર્મામાં સિનિયર મેનેજર તરીકે કાર્યરત શ્રી દિગંત દુષ્યંતકુમાર છાયાને ડેપ્યુટી જનરલ મેનેજર તરીકે બઢતી આપવામાં આવી.

⌖ **જૂનાગઢ :** - શ્રી પ્રહલાદરાય નવરંગરાય દેસાઈને ૭૫ વર્ષ પુરા થતા તથા લગ્નજીવનને ૫૦ વર્ષ પુરા થતા કુટુંબીજનો સ્નેહીજનો દ્વારા સાદગી પૂર્ણ ઉજવણી કરી. શુભેચ્છા પાઠવી.

⌖ શ્રી હાટકેશ દાદાનો પાટોત્સવ ઉત્સાહ અને ધામધુમપૂર્વક ઉજવાયો. પૂર્વ સંધ્યાએ નાણાવટી બ્રધર્સના શિવ ભજન સંધ્યાની રંગત બાદ ચાર-પાંચ જ્ઞાતિજનોના સહકારથી, ઉપસ્થિત સહુએ ખીચડી શાક સંભારો અને છાશના પ્રસાદને ન્યાય આપેલ. પાટોત્સવના દિવસે સવારે ૭:૩૦ વાગે, શ્રી હાટકેશ મંદિરેથી ભવ્ય રવાડી નીકળી, દાદાના અનુપમ શણગાર તથા અબોટીયા -સાફાધારી જ્ઞાતિજનોએ આકર્ષણ જમાવ્યું. ઠેર-ઠેર રવાડીનું સ્વાગત શરબત, ઠોર, ઘોળવું તથા હળવા નાસ્તાથી થયું. રવાડી પરત ફરતાં લીંબુ શરબત થી સ્વાગત થયું. લઘુરૂદ્ર પણ સંપન્ન થયો. ૭૫૦૦૦ રૂપિયા જેવી માતબર રકમ પાટોત્સવ ખર્ચ પેટે આપનાર દાતાશ્રી ધીમંતભાઈ ત્રિવેદી તથા કુટુંબીજનોના સન્માન કરાયા. મહાપ્રસાદમાં શુધ્ધ કેસર કેરીનો રસ, પુરી સમેતના રસપ્રચુર ભોજન જ્ઞાતિજનોએ મોજથી આરોગેલ.

⌖ સ્વ. આર.ડી. ખારોડ પ્રાયોજિત અને શ્રી હાટકેશ ભાતૃ મંડળ આયોજિત ટ્રીપલ ક્રિકેટ ટુર્નામેન્ટ અત્રે યોજાઈ ગઈ. જેમાં લગભગ ૧૨૫ ખેલાડી ઓએ ભાગ લીધો. પ્રત્યેક ખેલાડીઓને સફેદ કેપ આપવામાં આવેલ. શ્રી જાગૃત -પ્રતીક વસાવડા તથા પાર્ટનર વિજેતા થયેલ. મંડળના સર્વ કાર્યકરોએ સારી જહેમત ઉઠાવેલ. ગાંઠીયા-ચાનો નાસ્તો તથા પુરી શાકના ભોજન સાથે દર્શકોએ પણ રર્નીંગ કોમેન્ટ્રી સાથેની ટુર્નામેન્ટની મજા માણી.

⌖ છેલ્લા ૨૦ વર્ષથી કાર્યરત નાગર ફ્રેન્ડઝ કલબ દ્વારા દર વર્ષ મુજબ માત્ર રૂા. ૩માં નોટબુક અને રૂા. ૪માં ચોપડાનું વિદ્યાર્થી દીઠ ૨૫ નંગ તથા રૂા. ૫૦માં સ્કૂલબેગનું તા. ૧૧થી ૨૦/૫ દરમ્યાન પ્રમુખશ્રી નીરજભાઈ વૈશ્નવના નિવાસસ્થાનેથી વિતરણ કરવામાં આવતાં વિદ્યાર્થીઓ-વાલીઓએ લાભ લઈ આર્થિક રાહત અનુભવી.

⌖ અત્રે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં કાર્યરત શ્રી મૃગેન રીંડાણી શ્રેષ્ઠ કામગીરીના એવોર્ડ રૂપે બેંક તરફથી કોન્ફરન્સમાં ભાગ લેવા શારજહા, દુબઈ સહીત યુએઇના પ્રવાસે જઈ આવ્યા.

*ભલાઈ જેટલી વધુ કરવામાં આવે છે તેટલી વધુ મળે છે*

# ધી ભાવનગર નાગર જીમખાના આયોજિત સમૂહ જાગ સ્થાપન

(કોઈપણ ધાર્મિક કાર્ય કરીએ તો શ્રધ્ધા અગત્યની છે કોઈપણ વિધિવિધાનની માહિતી હોય તો શ્રધ્ધા અને ભાવ જાગે તેથી રાજકોટના બરછી પ્રતિનિધી મુકેશભાઈ દેસાઈએ સમાચાર સાથે જાગ અંગે સંકલિત માહિતી/ઈતિહાસ પણ લખી મોકલેલ છે જે પણ સાભાર પ્રસ્તુત છે...તંત્રી)

ભાવનગર નાગર જીમખાના ઉપક્રમે સમૂહ જાગ સ્થાપન વિધિ તા. ૧૫-૫ થી ૧૯-૫ -૨૦૧૩ સુધી હરીનાગર નિવાસ ભાવનગર ખાતે રાખવામાં આવેલ જેમાં ૧૨ કુટુંબોએ ભાગ લીધેલ. સંસ્થા દ્વારા સમગ્ર પૂજાપો, બાજોઠ, વસ્ત્ર, ફળ સોપારી, શ્રીફળ, અખંડ દીવા પ્રસાદી વગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી. તા. ૧૨ /૫ ના રોજ બહેનો સાડી-સેલામાં અને પિતાંબરધારી ભાઈઓ નીલકંઠ મહાદેવ માંથી માટી લેવા તેમજ અંતિમ દિવસે ઘડા લેવા જવા માટે જોડાયેલ. પૂજન તથા સવાર સાંજ આરતી, શક્રાદય, ગરબામાં પણ બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ ભાગ લીધેલ.આ સમુહ જાગમાં શ્રી યાત્રિક મુકેશ દેસાઈ, શ્રી કેયુર ભદ્રેશભાઈ દેસાઈ તથા શ્રી રથન સૌજન્યભાઈ મહેતાના પણ જાગનું સ્થાપન કરવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમને આઠ દિવસ સુધી સફળ બનાવવા માટે ધી ભાવનગર નાગર જીમખાનાની કારોબારી-સ્વૈચ્છીક સેવાભાવી સહાયકો અભિનંદનને પાત્ર છે. હવે વાંચો ઈતિહાસ...

સૌથી પ્રાચીન મીસરનગરમાં સૂર્યપૂજા થતી હતી. ઈ.સ. પૂર્વે ૧૩૬૦માં ઈન્ખારને તેનો વિસ્તાર કર્યો અને હિરોઈશે ત્યારબાદ સૂર્યને દેવ તરીકે પૂજન કરવા ઠરાવ્યું . સાથોસાથ પૃથ્વીને સમૃધ્ધ કરનાર એની પત્ની એરીન્ના (રન્નાદેવી)ની પણ પૂજા થવા લાગી. આપણા વેદોમાં કે વેદો પૂર્વે પણ યુગોથી સૂર્યની સ્વતંત્ર રીતે પૂજા થતી આવે છે. તે સાથે આપણા સમાજમાં રાંદલ,રન્નાદે, રવિરાગ્ની, રાંદેઈ વગેરે નામે પૂજન થાય છે. તેના સ્થળો ગુજરાતમાં વિવિધ જગ્યાએ સુરત, રાંદેર, વલ્લભીપુર, દડવા, ઉના, પ્રભાસપાટણ,મોઢેરા વિગેરે જગ્યાએ આવેલ છે. નાગર જ્ઞાતિમાં આલંભાયનસ ,ઔક્ષણસ ગોત્ર,ગોપાલસ તથા કોન્ડીનાસ ગોત્રના કુટુંબોમાં "જાગ" સ્થાપનનો રિવાજ છે. તે સૂર્ય અને સૂર્ય પત્ની રાણિ -રન્નાદેની ઉપાસનાના સાધન અને પૂજન અર્ચનનો આ પ્રયોગ છે. નાગર નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં " જાગ" સ્થાપનમાં વિશેષ કરીને રાશિ તૃપ્તીની આઠ દિવસ પૂજન અર્ચન અને આરાધના કરવામાં આવે છે. જેમાં "જાગ" શબ્દ મોટે ભાગે અપભ્રંશ થયેલો શબ્દપ્રયોગ છે. સંસ્કૃતમાં સાચો અર્થ યાગ દર્શાવ્યો છે. આમ યાગ શબ્દ ઉપરથી અપભ્રંશ થઈને જાગ શબ્દપ્રયોગ પ્રચલિત થયો છે. અને સૂર્ય અને સૂર્ય પત્ની રાજ્ઞિ રાત્રિ પ્રભા છાયાની સાત દિવસ ને સાત રાત્રી આરાધના અને ઉપાસના કરવાનો અવસર તે યાગ કહેવાય છે. જેમાં હોમ હવન કે અગ્નિ સ્થાપન નથી કરવાનું હોતું માત્ર સાત દિવસ રાત્રી સૂર્ય અને તેની પત્નીઓ છાયા અને તૃપ્તીના સાધન પૂજન અર્ચન ના ક્રમને યાગ કહેવાય છે. યાગ સ્થાપન માં રવિ રન્નાદે અને સૂર્યની પૂજન અર્ચન થાય છે જ સાથોસાથ દ્વાદશ આદિત્યો અને સંજ્ઞાદેવી નું પરોક્ષ સ્થાપન થાય છે. આમાં માટીના માટલાઓના આંગાઓ દ્વાદશ આદિત્યોના પ્રતીક તરીકે ગોઠવવામાં આવે છે. અને જુવારાએ પ્રતીક તરીકે પૂજાય છે. ( આજના સમય સંજોગો પ્રમાણે હવે આ જાગ સ્થાપન એક દિવસ કે ત્રણ દિવસ પણ કરવામાં આવે છે.)

*લક્ષ્મી સાહસિક માણસને જ પ્રાપ્ત થાય છે*

# ::::::::::::::: મંગલ મેરેજ બ્યુરો :::::::::::::::

**સંચાલક :- મમતા ઢેબર ફોન નં. ૦૨૮૧ ૨૫૭૦૬૮૧**
**(સમયમાં ફેરફાર નોંધી લેશો સવારે :- ૧૨ થી ૨, સાંજે ૭ થી ૯) (રવિવારે રજા)**
**Mail ID- mamtadhebar@yahoo.in**

**Why to compromise with limited choice get unlimited options with MMB**

**યુવકોની યાદી :- કન્યારત્ન જોઈએ છીએ..**

| | | | |
|---|---|---|---|
| ૧- | જાન્યુઆરી -૮૯ | ઉંચાઈ ૫'.૭" | ઇલે એન્જી. એમબીએ. |
| ૨- | જુન.-૮૮ | ઉં. ૫'૭" | કોમ્પ્યુ. એન્જી. એમ.ઇ.,(મંગળ) |
| ૩- | જુન - ૮૭ | ઉં. ૫'.૮" | બીબીએ, એમબીએ., નેશનલાઈઝ બેંકમાં નોકરી. (ગુજરાત) |
| ૪- | નવેમ્બર-૮૬ | ઉં. ૫'.૬" | ઈસી. એન્જી. નાનુ કુટુંબ (ગુજરાત) |
| ૫- | એપ્રિલ - ૮૬ | ઉં. ૫'.૬" | ઈસી. એન્જી.એમ.ટેક., ઉં. ૫'.૧૦" (બેંગલોર) |
| ૬- | ઓકટોબર-૮૬ | ઉં. ૫'.૧૦" | ઈલે. એન્જી. ઉં. ૫'.૧૦" (ગુજરાત) |
| ૭- | ફેબ્રુઆરી - ૮૫ | ઉં. ૫'.૬" | કોમ્પ્યુ. એન્જી. ઉં. ૫'.૧૦" (ગુજરાત) |
| ૮- | ઓગષ્ટ - ૮૪ | | બી.કોમ., એલએલ.બી,ડીસીએસ.(સરકારી નોકરી-સૌરાષ્ટ્ર) |
| ૯- | નવેમ્બર-૭૮ | | ડીવોર્સી સંતાન નથી (નાનું બાળક હશે તેવુ પાત્ર આવકાર્ય) (ગુજરાત) |

## ગં.સ્વ. નિર્મળાબેન ભૂજંગીપ્રસાદ રીંડાણી 'મા'



તા. ૩૧-૩- ૧૯૨૫ થી તા. ૨૨-૩-૨૦૧૩

"મા"ના અનન્ય ભક્ત મુ. વ. ગં.સ્વ. નિર્મળાબેન ભૂજંગીપ્રસાદ રીંડાણી તા. ૨૨-૩-૧૩ ફાગણ સુદ-૧૦ શુક્રવારના રોજ શ્રીમાઈ શરણ થયાં.

વીતેલી પેઢીના મુત્સદી અને વહીવટી જયસુખલાલ ઓઝાના પુત્રી અને બાહોશ શિક્ષણવિદ્ પ્રતાપરાય રીંડાણીના પુત્રવધૂ કે જેમણે ૨૫ વર્ષની નાની વયે પતિ ભૂજંગીપ્રસાદનો સાથ ગુમાવ્યો. જિંદગીની આ કઠોર વાસ્તવિકતા સ્વીકારીને શિક્ષણનો આશરો લઈ શિક્ષણ ક્ષેત્ર દ્વારા પગભર થયાં અને કુટુંબને મદદરૂપ થયાં. તેઓએ પોતાની જીવનયત્રા દરમિયાન બે વાર ચાર ધામ યાત્રા સંપન્ન કરી. શરીરના સાથ સુધી નિયમિત રીતે અંબાજી અને રાજકોટ સ્થિત શ્રી માઈ મંદિરમાં દર્શને જતાં-આવતાં.

"મા" તેમના દિવ્યાત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

**ડો. વત્સલકુમાર, શ્રીમતી પ્રજ્ઞા, કુ. જૂઈ,**
**એન્જી. નીરદ શ્રીમતી નિષ્ઠા**

## સર્વે નાગરો માટે ખુશખબર

☺ સમગ્ર ગુજરાતને ઓછામાં ઓછા ખર્ચે વધારેમાં વધારે હસાવવા

☺ વનવિકાસના ધન્વન્તરી મધ તથા ઔષધો વળતરથી મેળવવા

☺ ગ્રાહક જાગૃતિના વાર્તાલાપ માટે

☺ આયુર્વેદ/આરોગ્યના વાર્તાલાપ માટે

☺ બ્રિટીશ ડાયાબીટીસ એસો. દ્વારા પ્રમાણિત કારેલાંમેથી-જાંબુબીજ-સૂંઠની માઈક્રોનાઈઝડ DM B MICRON ડાયાબીટીસની ગેરંટેડ ટેબ્લેટ રાહતદરથી મેળવવા..

સંપર્ક કરો :

**ડો. રાજેન્દ્ર કે. હાથી**
**ડો. (શ્રીમતી) લેખા આર. હાથી**
**ફોન : ૦૨૬૫-૨૬૪૪૬૩૨**
**મો. ૯૮૨૪૪ ૮૯૫૧૭**
**મો. ૯૪૦૯૦ ૨૭૬૧૦**

*સૌંદર્ય શોભે છે શીલથી, ચારિત્ર શોભે છે સંયમથી*

# --- લગ્ન વિષયક જાહેરાત ---

આ વખતે વધારે જાહેરાત હોવાથી સવારે ૧૧ થી ૧૨, સાંજે ૫ થી ૬ દરમ્યાન કાગળ પેન તૈયાર રાખી ફોન : ૦૨૮૧- ૨૪૫૩૦૬૩ ઉપર ફોન કરવાથી જે તે ક્રમનંબરના પાત્રના ફોન/મો. નંબર આપવામાં આવશે. તા. ૧૩ થી ૨૩/૬ બહારગામ હોવાથી સંપર્ક થઈ શકેલ ન હોય તો દરગુજર કરી ગત માસની માહિતી માટે પણ ફરીથી ફોન કરશો. – તંત્રી

(૧) બી.કોમ. એમબીએ. જ. ૧૦/૧૯૮૭ એકસીસ બેંકમાં ડે. મેનેજર તરીકે નોકરી કરતા યુવકને (મંગળ છે) સંપર્કઃ- ૦૨૮૧-

(૨) બી. ટેક. (મીકે) એમબીએ (ફાઈ) જ. ૭/૧૯૮૬ આઈડીયા સેલ કુ. માં આસી. મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા સંપર્કઃ- ૦૭૯ -

(૩) બીબીએ., એમબીએ, જ. ૭/ ૧૯૮૭ ઉં. ૫'૭" એસબીઆઈ માં બ્રાન્ચ મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા સંપર્કઃ- મો.

(૪) બી.ઈ. એમબીએ જ. ૨/૧૯૮૭ ઉં. ૫'૩" દિલ્હી ખાતે નોકરી કરતા યુવકને સંપર્કઃ- ૦૨૮૧ -

(૫) ધો. ૧૨ પાસ આંબેડકર યુની. બીએ ચાલુ, જ. ૯/૧૯૮૧ ઉં. ૫'૬" કચ્છ યુની.માં નોકરી કરતા યુવકને કન્યા સંપર્કઃ- ૦૨૮૩૨ -

(૬) એમ. કોમ. એમબીએ જ. ૨/૧૯૮૫ ઉં. ૫'૬" સુઝલોન કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા સંપર્કઃ- ૦૨૮૩૨ -

(૭) બી.કોમ, એમસીએ., જ. ૭/૧૯૭૯, ઉં. ૫'૮" મુંબઈ ખાતે વ્યવસાય કરતા યુવકને કન્યા. સંપર્ક ૦૭૯- મો.

(૮) એમબીએ જ. ૧૧/૧૯૮૪ ૫'૫" ઉંચાઈના સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયામાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્કઃ- ૦૨૮૧ -

(૯) એમએસસી (ફિઝીકસ) જ. ૫/૧૯૮૫ ઉ. ૫'૩" કન્યાને યુવક સંપર્કઃ- ૦૭૯-

(૧૦) બી.એ. જ. ૧૦/૧૯૮૩ ઉ. ૫'૪" માંગલિક કન્યાને યુવક સંપર્કઃ- ૦૨૮૧ -

(૧૧) એમ.એસ સી,(આઈટી),સીએ, જ. ૨/૧૯૮૮ ઉં. ૫' નોકરી કરતી કન્યાને યુવક સંપર્ક : મો

(૧૨) બીકોમ., એમબીએ (ચાલુ) જ. ૯/૧૯૮૭ ઉં ૫'૪" બેંકમાં નોકરી કરતી કન્યાને યુવક સંપર્કઃ- ૦૭૯ -

(૧૩) એમ.કોમ, જ. ૭/૧૯૮૭ ઉ. ૫'૪" એમ.એન.સી. કુંમાં નોકરી કરતી કન્યાને યુવક(સાદો મંગળ) સંપર્ક ૦૭૯ -

(૧૪) બી.કોમ., જ. ૧૦/૧૯૭૪, ઉં. ૫'૪",સંગીત વિશારદ રેડીયો-ટીવી કલાકાર, સંગીત શિક્ષક તરીકે નોકરી કરતી યુવતીને યોગ્ય જીવનસાથી. સંપર્ક : ૦૨૭૮-

(૧૫) એમ.બી.એ., જ. ૯/૧૯૮૫, ઉં. ૫'૨" અમદાવાદ ખાતે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૫-

(૧૬) બી.ઇ. (ઇસી) એમબીએ, જ. ૧/૧૯૮૯, ઉં. ૫'૮" લી.કું.માં એરીયા મેનેજર(માર્કે.) તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૪૨-

*સર્જન કરવું હોય તો તમારી જાતનું વિસર્જન કરવું પડશે*

આપના ધંધા – વ્યવસાયનો ઉત્કર્ષ કરવા શું આપ માત્ર વિચારી રહયા છો ? દુનિયાભરના ૩૫% લોકો આધુનિક ટેકનોલોજી અને આકર્ષક વેબસાઈટની મદદથી પોતાના ધંધા-વ્યવસાયને ઝડપી પ્રગતિ આપી ચુકયા છે...આપ કોની રાહ જુઓ છો ? આજે જ આપની કલ્પનાઓ, અભિલાષાઓનું, આપના વિકાસની નકકર વાસ્તવિકતામાં નિરૂપણ કરવા *Aspire Media Web*નો વિના વિલંબે સંપર્ક કરો...

*Aspire Media Web*

a quality web designign firm

**સંપર્ક : શ્રી ઋત્વિજ એસ વોરા,**
**(સ્થાપક અને સી ઈ ઓ )**
૨૧, ગ્રામ લક્ષ્મી સોસાયટી, જુનોવાસ,
માધાપર-ભુજ (કચ્છ-૩૭૦ ૦૨૦)
**મો. +૯૧ ૭૩૮૩૯૧૮૯૭૯**
**+૯૧ ૯૪૨૯૩૪૨૨૨૪**
web :-www.aspiremediaweb.com
email :-response@aspiremediaweb.com

Services : -

- Domain Registration and Hosting
- Static and Dynamic Web Designing
- Website Re-designing & Maintenance
- Logo designing & content sriting
- Practice & projects for learners.
- CMS Design & e-commerce development

--------------વધુ માહિતી માટે કૃપયા અમારી વેબસાઈટ જોવા વિનંતી------------

**ABM TRAVELS**

**Summer Pleasure** :
Singapore-Malaysia (6N/7D) Rs.74750
Singapore-Malaysia-Thailand (10N/11D) Rs.95750 per Adult/HongKong-Shenzhan (6N/7D)Rs.89750-All Inclusive.
**Honeymoon tours :** Kerala/Rajasthan/Himachal/Goa Mauritius/Maldives/Thailand/Bali/Sri Lanka Langkavi-Penang/Phuket-Krebi-Samui
**Mountain Resort :** Nainital-Mussoorie/Darjeeling-Gangatok - Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh
**Beach Resort :** Goa/Kumarakom-Alleppy/Kovalam-Poovar
**Readymade tours :** Himachal: Rs.25555 pp/Kerala:Rs.25555 pp Bang/Mys: Rs.25555 pp/Sri Lanka Rs.50555 pp
**Above tours :** 5N/6D-Return Airfare/Stay/B/F, Dinner/Transfer/Sightseeing
**COASTA cruise :** Singapore:Rs.46666:3N
**Pilgrims :** CharDham/ Amarnath/Kailas-Mansarovar/Vaishnodevi/Tirupati/Ashta Vinayak Panch Jyotirlings/Shirdi-Shinganapur

**Booking of International destinations**
**SOTC * THOMAS COOK * COX & KING**
**STAR TOURS * CLUB 7 * KESARI**
**Avinash Mehta, Mumbai - 09820817318**
**abmtravels@gmail.com**

નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર **સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ** ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં, સિદ્ધપુર. ફોન : ૨૭૬૭-૨૨૧૯૩૫

KALAM KADCHHI BARCHHI-GRJ-23
Registration Valid upto 31-12-2011
If not delivered Pl. return to :
Barchhi Karyalaya,Kotechanagar Main Rd, Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ ૨૪૫૩૦૬૩

જે કર્તવ્યથી વ્યકિત વધે છે તે જ સ્વધર્મ,ન વધે તે બધું અધર્મ- સુવાકયો સંકલન : ભરત અંજારિયા, રાજકોટ.